# કુંભારવાડામાં જુગાર રમતી પાંચ મહિલા ઝબ્બે, ૧૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

## બોરતળાવ પોલીસની માઢીયા રોડ પર બાતમીના આધારે સફળ રેડ

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુંભારવાડા માઢીયા રોડ પર જાહેરમાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતી પાંચ મહિલાઓને પોલીસે ઝડપી પાડી છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને ગંજીપાના સહિત કુલ રૂપિયા ૧૦,૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બોરતળાવ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો પ્રોહીબિશન અને જુગારની રેડ અંગે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે કુંભારવાડા માઢીયા રોડ શેરી નંબર ૧૦ પાસે કેટલીક સ્ત્રીઓ ભેગી થઈને જાહેરમાં ગંજીપાનાના પાનાં વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહી છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે ઉપરોક્ત સ્થળે રેડ કરી હતી. રેડ દરમિયાન ગોળ કુંડાળું વળીને જુગાર રમી રહેલી મનીષાબેન સુરેશભાઈ સોલંકી, અંજલીબેન આકાશભાઈ વેગડ, હંસાબેન પ્રવિનભાઈ રાઠોડ, રેખાબેન બુધાભાઈ વેગડ અને ચંકુબેન શાંતીભાઈ બારૈયા (તમામ રહે. કુંભારવાડા, ભાવનગર) ઝડપાઈ ગઈ હતી.

પોલીસે પકડાયેલી મહિલાઓની અંગઝડતી અને પટમાંથી ૫૨ ગંજીપાનાના પાના તથા જુદી-જુદી ચલણી નોટો મળી કુલ રૂપિયા ૧૦,૨૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. રાત્રીનો સમય હોવાથી મહિલાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫(૧) મુજબ નોટીસ આપી પોલીસ સ્ટેશને હાજર રહેવા સમજ આપવામાં આવી છે. આ મામલે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં જુગારધારાનીકલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# બાળકની સારવાર માટે પૈસા માંગતાં પરિણીતાને સાસરિયાઓએ માર માર્યો

ભાવનગર,તા.૧૨

પાલીતાણાના ભીલવાસ વિસ્તારમાં એક વર્ષના ગંભીર બીમાર બાળકને વધુ સારવાર માટે ભાવનગર લઈ જવા માટે પૈસા માંગવાની બાબતે સાસરિયાઓએ પરિણીતાને માર માર્યાની ચકચારી ઘટના સામે આવી છે. ભીલવાસમાં રહેતી ૨૦ વર્ષીય જીજુબેન દેવળીયાનો એક વર્ષનો પુત્ર વેનીશ છેલ્લા ચાર-પાંચ દિવસથી તાવથી પીડાતો હતો. સ્થાનિક તબીબે વધુ સારવાર માટે ભાવનગર રિફર કરતાં જીજુબેને સાસુ શીલાબેન પાસે સારવારના ખર્ચ માટે પૈસા માંગ્યા હતા. આથી ઉશ્કેરાયેલી સાસુએ ગાળો આપી ઢીકા-પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ પતિ વિકાસ ઉર્ફે વિક્કી દેવળીયાએ પટ્ટાથી માર માર્યો, જ્યારે સસરા વિક્કી દેવળીયાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બહેનને બચાવવા આવેલા હીરાભાઈ પર દિયર વીરભાઈ અને પતિએ લોખંડના પાઈપથી હુમલો કરતાં માથામાં ઈજા થઈ અને ત્રણ ટાંકા આવ્યા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ભાવનગર સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. પાલીતાણા ટાઉન પોલીસે ચારેય સામે ગુનો તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બચાવવા આવેલા ભાઈ પર પણ લોખંડના પાઈપથી હુમલો, ચાર સામે ગુનો દાખલ

# ભાવનગરમાં ૩ સ્થળે કૃત્રિમ તળાવમાં તંત્ર દ્વારા મૂર્તિ વિસર્જનની વ્યવસ્થા

## પાણીની શુદ્ધતા જાળવવા અને અકસ્માત અટકાવવા નિર્ધારિત કૃત્રિમ તળાવોમાં જ મૂર્તિ વિસર્જન કરવા અપીલ

ભાવનગર,તા.૧૨

ભાવનગર મહાપાલિકાના વોટર વર્કસ વિભાગ દ્વારા ગણેશ ચતુર્થીના તહેવારને લઈને અગત્યની જાહેરાત કરવામાં આવી છે, જે મુજબ શહેરમાં આવેલા કુદરતી તળાવો અને વોટર બોડીમાં ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવા પર મ્યુનિસિપલ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડીને સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

તળાવોના પાણીની સ્વચ્છતા અને ગુણવત્તા જળવાઈ રહે તેમજ વિસર્જન દરમિયાન કોઈ અણબનાવ ન બને તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, નાગરિકોની ધાર્મિક આસ્થા અને ઘરગથ્થુ નાના ગણપતિજીના વિસર્જન માટે મહાનગરપાલિકાએ વૈકલ્પિક વ્યવસ્થા રૂપે બોરતળાવની ડાઉનસ્ટ્રીમમાં આવેલી કૈલાસવાટિકા ખાતે, આખલોલ મહાદેવ મંદિર બાજુમાં આખલોલ પુલથી નીચેની બાજુએ તેમજ એરપોર્ટથી નવા બંદર રોડ પર પૂર્ણા તળાવ પહેલાં આવેલી રાજશક્તિ રેસિડેન્સીની સામે એમ કુલ ૩ મુખ્ય વિસ્તારોમાં કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેરે તમામ શહેરીજનોને પર્યાવરણ અને સુરક્ષાના હિતમાં મૂર્તિઓનું વિસર્જન માત્ર આ નિર્ધારિત કૃત્રિમ તળાવોમાં જ કરવા ખાસ અપીલ કરી છે.

# 1700 રૂપિયાની દારૂ સાથે 7 લાખની લક્ઝરીયસ કાર ઝબ્બે

## કારમાં દારૂ લઈ બે લોકો આવી રહ્યાની બાતમી મળતા મહુવા ટાઉન પોલીસે વોચ ગોઠવી રસ્તામાં ઝડપી લીધા

ભાવનગર,તા.૧૨

મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ પંડ્યા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન નેસવડ ચોકડી પાસે બાતમી મળી હતી કે નેસવડ ગામના ખોડીયારનગરમાં રહેતો અનિલ શીયાળ એક સફેદ કલરની MG Hectro કારમાં વિદેશી દારૂ લઈને આવી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે બે સ્વતંત્ર પંચોને સાથે રાખી નેસવડ ગામના નવા ખોડીયાર મંદિર પાસે રેલ્વે ફાટક સામે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં શંકાસ્પદ કાર નંબર GJ-04-EA-9171 આવતા તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. કારમાંથી ચાલક અનિલભાઈ હિંમતભાઈ શીયાળ (ઉ.વ. ૩૪) અને બાજુમાં બેઠેલા જીજ્ઞેશભાઈ નરશીભાઈ શીયાળ (ઉ.વ. ૩૭, બંને રહે. નેસવડ, તા. મહુવા) મળી આવ્યા હતા.

કારની ડેકીમાંથી સ્મીરનોફ વોડકા, મેજિક મોમેન્ટ્સ વોડકા અને બડવાઈઝર બિયર મળી કુલ ૪ સીલપેક બોટલો કિંમત રૂ. ૧,૭૦૦ મળી આવી હતી. પોલીસે રૂ. ૧,૭૦૦નો દારૂ અને રૂ. ૭,૦૦,૦૦૦ની કિંમતની MG Hectro કાર મળીને કુલ રૂ. ૭,૦૧,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ વિજય કમાભાઈ રાઠોડે આગળની તપાસ હાથ ધરી છે.

# ઉમરાળાની પરિણીતાને દહેજ અને ઘરકામ બાબતે પતિ સહિતના સાસરિયાઓનો ત્રાસ

## લગ્ન બાદ કરીયાવર અને ઘરકામ મુદ્દે માથાકૂટ કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના ઉમરાળા પોલીસ મથકે મૂળ કચ્છના ભચાઉ ખાતે રહેતી અને હાલ પીયર વડોદ (તા. ઉમરાળા) રહેતી ૩૦ વર્ષીય પરણિતા સંગીતાબા રાજદીપસિંહ જાડેજાએ પોતાના પતિ અને સાસુ સામે શારીરિક-માનસિક ત્રાસ આપ્યા અંગેની ગંભીર ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવેલી વિગતો અનુસાર, સંગીતાબાના લગ્ન ડિસેમ્બર ૨૦૨૨માં ભચાઉ ખાતે રહેતા રાજદીપસિંહ અરવિંદસિંહ જાડેજા સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ તેમના પતિ રાજદીપસિંહ અને સાસુ જ્ઞાનબા અરવિંદસિંહ જાડેજા અવારનવાર ઘરકામ તેમજ ઓછો કરીયાવર લાવવા બાબતે મેણા-ટોણા મારી સંગીતાબા સાથે માથાકૂટ કરતા હતા.

ગઈ તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ભચાઉ ખાતે વગર વાંકે પતિએ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી નીચે પછાડી દીધા હતા અને સાસુએ પણ તે વખતે જેમફાવે તેમ બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના બાદ પરણિતાના પિતા અને સગા-સંબંધીઓ ભચાઉ આવી તેમને વડોદ પીયર ખાતે લઈ આવ્યા હતા. પરણિતાએ પતિ રાજદીપસિંહ અને સાસુ જ્ઞાનબા સામે ફરિયાદ નોંધાવતા ઉમરાળા પોલીસે બી.એન.એસ. અને દહેજ પ્રતિબંધ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ઉગલવાણ ગામે જાહેરમાં જુગાર રમતા બે શખ્સો ઝડપાયા, ૧૨૫૦નો મુદ્દામાલ જપ્ત

## મોટા ખુટવડા પોલીસ મથકમાં બંને શખ્સો સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૧૨

જેસર તાલુકાના ઉગલવાણ ગામે પ્લોટ વિસ્તારમાં લાઈટના અંજવાળે જાહેરમાં તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રહેલા બે શખ્સોને મોટા ખુટવડા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને ગંજીપાના સહિત કુલ રૂપિયા ૧,૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટા ખુટવડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ રાત્રી પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, ઉગલવાણ ગામે બાબુભાઈ પ્રમજીભાઈ હીમાશીયાના ઘર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા થઈને ગંજીપાના વડે જુગાર રમી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરી હતી. રેડ દરમિયાન પરેશભાઈ બચુભાઈ મોહાલીયા અને બાબુભાઈ પ્રમજીભાઈ હીમાશીયા (બન્ને રહે. ઉગલવાણ, તા. જેસર) ને જુગાર રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે પકડાયેલા ઈસમો પાસેથી ગંજીપાના અને રોકડ રૂપિયા ૧,૨૫૦ કબજે કર્યા હતા.

તપાસ દરમિયાન આરોપી પરેશભાઈ બચુભાઈ મોહાલીયાના મોઢામાંથી કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતી જણાતા તેની સામે જુગારની સાથે પ્રોહીબિશન કલમ ૬૬(૧)બી મુજબ અલગથી ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પાલીતાણાના પોસ્કો અને અપહરણના ગુનાનો ફરાર આરોપી ગઢડાથી ઝબ્બે



ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના પાલીતાણા ટાઉન પોલીસ મથકના પોક્સો અને અપહરણના ગુનાનો ફરાર આરોપીને ગઢડા પોલીસે બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર રેન્જ આઇ.જી રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા તથા ડીવાયએસપી મહર્ષિ રાવલ દ્વારા મિલકત સંબંધી વણશોધાયેલ ગંભીર ગુન્હાઓ શોધી કાઢવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવેલ હોય જે સૂચનાને લઈને ગઢડા પોલીસ સ્ટેશનના પી.આઈ.કે.એન.ચોપરા તેમજ પોલીસ સ્ટાફ ના એસ.એચ.પટગીર,પી.આર. જાદવ, ડી.એલ.ગોહિલ,વાય.સી. પરમાર,આર.એન.ઝાલા સહિતના પોલીસ સ્ટાફે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનના પોસ્કો અને અપરહણના ગુન્હામાં નાસતા ફરતા આરોપી અશ્વિનભાઈ જેસાભાઈ ધરોળીયા(રહે.પીપળીયા)નામના ઈસમને ગઢડા બસ સ્ટેશન પાસેથી ઝડપી લઈને ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બુધેલ ચોકડી પાસેથી અજાણ્યા શખ્સોએ યુવકનું અપહરણ કરી ૧૦ હજાર પડાવ્યા

## બલેનો કારમાં બેસાડી માર મારી ઓનલાઈન ખંડણી વસૂલનાર શખ્સોને પકડવા વરતેજ પોલીસની કવાયત

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ક્રિકેટ જોવા જઈ રહેલા એક રત્નકલાકાર યુવકનું સફેદ રંગની બલેનો કારમાં અપહરણ કરી, છરીની અડે ધાક ધમકી આપી રૂ ૧૦,૦૦૦ ની ઓનલાઈન ખંડણી પડાવવાની ચોંકાવનારી ઘટના સામે આવેલ આ મામલે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે વરતેજ પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી છે.

વરતેજ તાબેના બુધેલ ગામમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા હીરેનભાઈ પોપટભાઈ પરમાર ગત તારીખ ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે બુધેલ ચોકડી પાસેથી કેસરી ક્રિકેટ બોક્સ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન એક સફેદ કલરની બલેનો કાર (નંબર GJ-04-EE-6966) માં આવેલા ચાર શખ્સોએ રસ્તો પૂછવાના બહાને તેમને કારમાં બેસાડી દીધા હતા.આરોપીઓએ કારમાં યુવકને ઢીકાપાટુનો માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને રૂ. ૧૫,૦૦૦ ની માંગણી કરી હતી. બાદમાં વિદેશ રહેતા મિત્ર પાસેથી ગૂગલ પેના ક્યુઆર કોડ દ્વારા ઓનલાઈન રૂ. ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા અને વીડિયો પણ ઉતાર્યો હતો. આ ત્રાસ બાદ આરોપીઓ યુવકને ફરી બુધેલ ચોકડી પાસે ઉતારીને નાસી છૂટ્યા હતા.

ડરના માર્યા યુવકે શરૂઆતમાં આ વાત છુપાવી હતી પરંતુ બાદમાં મામાના દીકરાની હિંમતથી વરતેજ પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે માનવ, જયદીપ, નિખિલ અને તુષાર નામના ચાર શખ્સો વિરુદ્ધ BNS ની કલમ ૧૧૫(૨), ૧૪૦(૩), ૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોહિલવાડમાં રામદેવપીરની નવરાત્રિનો કાલથી થશે ભક્તિભાવભેર પ્રારંભ

## ભાવિકોમાં બીજના પર્વનું વિશેષ મહાત્મ્ય; ગોહિલવાડમાં મહાપૂજન, ધ્વજારોહણ, મહાઆરતી અને જન્મોત્સવ સહિતના ધાર્મિક કાર્યક્રમો

ભાવનગર,તા.૧૨

ભાવનગર સહિત સમગ્ર ગોહિલવાડમાં કળિયુગના હાજરાહજૂર દેવ ભગવાન રામદેવપીરના નવરાત્રિ મહોત્સવનો તા.૧૩ સપ્ટેમ્બર, રવિવારથી પ્રારંભ થશે. ભાદરવા સુદ એકમથી ભાદરવા સુદ નોમ તા.૨૨ સપ્ટેમ્બર સુધી નવ દિવસ દરમિયાન રામદેવપીરની નવરાત્રિ પરંપરાગત રીતે હર્ષોલ્લાસભેર ઉજવાશે.

આ દરમિયાન શહેર-જિલ્લાના વિવિધ રામદેવપીર મંદિરોમાં મહાપૂજન, અર્ચન, ધ્વજારોહણ, મહાઆરતી, બટુકભોજન, મહાપ્રસાદ, આખ્યાન તથા જન્મોત્સવ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. કુંભારવાડા, રામમંત્ર મંદિર સામે તેમજ અધેવાડા નજીક ઝાંઝરીયા સહિતના વિસ્તારોમાં આવેલા મંદિરોમાં સવારથી જ દર્શનાર્થે ભાવિકોની ભીડ ઉમટશે. નવ દિવસ દરમિયાન રામદેવપીરને



મનોહર શણગાર કરવામાં આવશે તેમજ ભક્તો શ્રીફળ, દેગ અને સાકરનો પ્રસાદ ચડાવશે. લીલા, ભગવા, લાલ, સફેદ અને પીળા રંગની ધરમધજાઓ તથા નવરંગના નેજા વાજતે-ગાજતે ચડાવવાની પરંપરા પણ જળવાશે. ખાસ કરીને બીજના દિવસે ભક્તોમાં વિશેષ મહાત્મ્ય હોવાથી મંદિરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટશે. મહોત્સવના અંતિમ ત્રણ દિવસ દરમિયાન વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

# નવનીતલાલ મહારાજના પ્રાગટ્યદિનના ઉપલક્ષમાં આજે નંદાલય હવેલી ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે

ભાવનગર,તા.૧૨

સરદારનગર સ્થિત નંદાલય હવેલી પર આજે ૧૨ સપ્ટેમ્બર શનિવારે પૂજ્ય નવનીતલાલજી મહારાજના પ્રાગટયદિનના ઉપલક્ષમાં પૂજ્ય આનંદ બાવાશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ છે.જેના અંતર્ગત શ્રી છબીલાજી પ્રભુ ના કુંજવારા મનોરથના દર્શન તથા પુજય મહારાજના તિલક આરતી કરવામાં આવેલ

આ કાર્યક્રમના ઉપલક્ષ્યમાં સાંજે ૬ થી ૮ દરમિયાન પૂજ્ય આનંદબાવાના આશીર્વચન, નંદાલય હવેલી તથા વલ્લભાલય હવેલીના બાળ પાઠશાળાના બાળકો દ્વારા મંગલાચરણ, નંદાલય હવેલી તથા વલ્લભાલય હવેલીના કીર્તન ક્લાસના વૈષ્ણવો દ્વારા ધોલપદ કીર્તન ગાન તથા વધાઈ કીર્તન થશે. ત્યારબાદ નંદ મહોત્સવ તથા શ્રી છબિલાજી પ્રભુના શ્રી યમુના પુલિન કમલ કુંજ મનોરથના દર્શન થશે.સમગ્ર આયોજનમાં જોડાવવા નંદાલય હવેલી ઉત્સવ સંકલ્પ વૈષ્ણવ સંગઠન દ્વારા સર્વે વૈષ્ણવોને લાભ લેવા જણાવાયું છે.

# એનસીસી મહિલાના ૧૫ કેડેટ્સે લીધા 'નિક્ષય મિત્ર'ના શપથ

ભાવનગર,તા.૧૨

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત 'ટીબી મુક્ત ભાવનગર'ના સંકલ્પ સાથે ૫ થર્ડ ગુજરાત મહિલા એન.સી.સી. બટાલીયન ભાવનગર દ્વારા ન.ચ.ગાંધી મહિલા કોલેજ ખાતે પરેડ સેશન દરમિયાન એક માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર કમાન્ડીંગ ઓફિસર કવરદીપ સાંહની, સુબેદાર મેજર સંજય સિંહ, એમ.ઓ.એચ. આર.કે.સિન્હા



## પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત ન.ચ.ગાંધી મહિલા કોલેજ ખાતે જનભાગીદારી વધારવા કાર્યક્રમ યોજાયો

અને સીટી ટીબી ઓફિસર એમ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૪૫ જેટલી એન.સી.સી. મહિલા કેડેટ્સે ભાગ લીધો હતો. કેડેટ્સને ટીબીનો ફેલાવો, શંકાસ્પદ લક્ષણોની ઓળખ, નિદાન, સારવાર અને 'નિક્ષય પોષણ યોજના' વિશે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી.

ટીબીના દર્દીઓને સાયકોલોજીકલ સપોર્ટ પૂરો પાડવા માટે 'નિક્ષય મિત્ર' બનવા અંગે પણ પ્રેરણા આપવામાં આવી હતી. જે અંતર્ગત ૧૫ જેટલી મહિલા કેડેટ્સે 'માય ભારત' એપ્લિકેશન પર નોંધણી કરાવી 'નિક્ષય મિત્ર' બની દર્દીઓને મદદરૂપ થવા તેમજ ટીબી મુક્ત ભારત માટે શપથ લીધા હતા.

# સાંદીપનિ વિદ્યાનિકેતનમાં લઘુરુદ્રાભિષેક અને હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ સાથે આરાધના

## પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી ઋષિકુમારો દ્વારા વિધિવત્ પૂજન અને શિવાલયમાં વિશેષ દીપદાન શૃંગાર યોજાયો

ભાવનગર,તા.૧૨

પોરબંદર સ્થિત સાંદીપનિ વિદ્યાનિકેતનના હરિ મંદિર પરિસરમાં પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાની દિવ્ય પ્રેરણાથી શ્રાવણ અમાસ નિમિત્તે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો સાથે પવિત્ર શ્રાવણમાસની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

શ્રાવણમાસની અમાસે સંસ્કૃત પાઠશાળાના ગુરુજનો અને ઋષિકુમારો દ્વારા હરિ મંદિરમાં બિરાજમાન ચંદ્રમૌલીશ્વર મહાદેવનો શાસ્ત્રોક્ત વિધિથી લઘુરુદ્રાભિષેક કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ગુરુજનો તથા ઋષિકુમારો દ્વારા નિયમિત અભિષેક-પૂજન યોજાયા હતા, જેમાં અનેક મનોરથીઓએ ભાગ લીધો હતો. શિવાલયમાં દરરોજ મહાદેવજીના વિવિધ મનોહર શૃંગાર દર્શન યોજાયા હતા, જેનો લાભ પોરબંદરના નગરજનો સહિત સોશિયલ મીડિયાના માધ્યમથી મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો હતો.

આ પવિત્ર પ્રસંગે સંસ્થાના ઉત્કર્ષ અને વિશ્વકલ્યાણની ભાવના સાથે સાંદીપનિ યજ્ઞશાળામાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞની પૂર્ણાહુતિ સમયે સંસ્કૃત પાઠશાળાના ગુરુજનો, સંકૂલના વિવિધ વિભાગોમાં સેવા આપતા ભૂતપૂર્વ છાત્રો અને સૌ ઋષિકુમારો ઉપસ્થિત રહ્યા હતા. અમાસના વિશેષ મહત્ત્વને ધ્યાને રાખી સાંજે ચંદ્રમૌલીશ્વર મહાદેવના ભવ્ય દીપદાન શૃંગાર દર્શન યોજાયા હતા, જેના દિવ્ય દર્શન કરી શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.

## સેવા, સંવેદના અને સદભાવનાના કાર્યો સાથે કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીનો જન્મદિવસ ઉજવાયો

# કોઈ બાળક આર્થિક મુશ્કેલીના કારણે શિક્ષણથી વંચિત ન રહે તે માટે સમાજ અને સરકાર તેની સાથે છે: મંત્રી વાઘાણી






## મહાનગરપાલિકાના રૂ. ૯.૪૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન

ભાવનગર,તા.૧૨

કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસ નિમિત્તે ભાવનગરમાં વિવિધ સેવાકીય, પ્રજાલક્ષી અને વિકાસલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. જરૂરિયાતમંદો, દિવ્યાંગો, બાળકો તથા વૃદ્ધજનોના કલ્યાણને કેન્દ્રમાં રાખી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ માટે સમાજના સેવાભાવી આગેવાનો અને સંસ્થાઓને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ બાળક આર્થિક મુશ્કેલીના કારણે આગળના અભ્યાસથી વંચિત ન રહે તે માટે સમાજ અને સરકાર તેની સાથે છે. બાળકોમાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓને ઓળખી તેને વિકસાવવાની જવાબદારી પણ સમાજે સ્વીકારવી જોઈએ.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સેવા કોઈ એક વ્યક્તિ કે સંસ્થા પૂરતી મર્યાદિત ન રહે, પરંતુ સમાજના છેવાડાના જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે તે જરૂરી છે. જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સામગ્રી સહિતની જરૂરી સહાય પૂરી પાડવા તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે સૌએ પોતાની ક્ષમતા મુજબ યોગદાન આપવું જોઈએ.

ભાવનગરને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે ૧૦૦ એકરમાં 'વન કવચ'ની શરૂઆત કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જન્મદિવસની ઉજવણી માત્ર શુભેચ્છાઓ પૂરતી સીમિત ન રહે, પરંતુ સમાજના હિતમાં કોઈ સકારાત્મક કાર્ય કરવાનો અવસર બને તે જ સાચી ઉજવણી છે. સેવા અને સંવેદનાના આવા કાર્યોને સમાજના સહયોગથી સતત આગળ વધારવાનો તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે યોજાયેલા નિઃશુલ્ક મેડિકલ કેમ્પ તથા સેવા સેતુ કેમ્પમાં ચામડીના રોગો, એલર્જી અને બાળરોગો સહિતની નિઃશુલ્ક તબીબી તપાસ કરવામાં આવી હતી તેમજ આયુર્વેદિક દવાઓનું વિતરણ કરાયું હતું. વાઘાણી પરિવાર દ્વારા જરૂરિયાતમંદોને બેતાળા નંબરના ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૬૯ શાળાઓમાં બાલવાટિકાથી ધોરણ-૮ સુધી અભ્યાસ કરતા કુલ ૧,૪૫૩ અનાથ અને દિવ્યાંગ બાળકોને ફેન્સી કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભાવનગર શહેરની ૮ સામાજિક સંસ્થાઓના સહયોગથી ૧,૪૧૭ દિવ્યાંગ બાળકો, વૃદ્ધજનો અને લાભાર્થીઓ માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 'એક પેડ મા કે નામ ૩.૦' અંતર્ગત ચિત્રા સ્થિત મુખીની વાડી ખાતે ૮૫૦ વૃક્ષોના વાવેતર સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. સદભાવના ટ્રસ્ટના વિજયભાઈ ડોબરીયાનું મોમેન્ટો અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સાથે ભાવનગરના વિકાસને પણ વેગ આપવામાં આવ્યો હતો. ભાવનગર મહાનગરપાલિકાના રૂ. ૯.૪૦ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૯ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર સિવિક સેન્ટરનું રિમોટ કી દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું. ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂ. ૨૦ લાખના ખર્ચે શબવાહિનીની ચાવી ભાવનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવી હતી તેમજ રૂ. ૨૦ લાખના ખર્ચે પીવાના પાણી માટે ટ્રેક્ટર વીથ ટેન્કર ખરીદવા માટેની ગ્રાન્ટ અર્પણ કરવામાં આવી હતી.

આ વિવિધ કાર્યક્રમોમાં મેયર ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, મ્યુનિસિપલ કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીના, શાસક પક્ષના નેતા લાલભા વાળા, ભાજપ પ્રમુખો કુમાર શાહ, દિગ્વિજયસિંહ ગોહિલ સહિત શહેરના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારો, રાજકીય-સામાજિક આગેવાનો, વિવિધ જ્ઞાતિના અગ્રણીઓ તથા પક્ષના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઘોઘા તાલુકામાં મોબાઈલ હેલ્થ યુનિટ માટે એમ્બ્યુલન્સનું લોકાર્પણ



ભાવનગર,તા.૧૨

વિકાસશીલ તાલુકો–ઘોઘાની ગ્રાન્ટમાંથી મોબાઈલ હેલ્થ યુનિટ–ઘોઘા માટે મંજૂર કરવામાં આવેલી ગ્રાન્ટમાંથી રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે ખરીદવામાં આવેલી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ એમ્બ્યુલન્સનું લોકાર્પણ ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુજાનસિંહ ગોહિલ, કારોબારી ચેરમેન તથા જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન, જિલ્લા પંચાયત ભાવનગર તેમજ જિલ્લા પંચાયતના અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. મોબાઈલ હેલ્થ યુનિટ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલી આ એમ્બ્યુલન્સના માધ્યમથી ઘોઘા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓને વધુ સુદૃઢ બનાવવામાં મદદ મળશે.

## બી.એસ.એફ. ગાંધીનગર ખાતે નિવાસી તાલીમમાં જોડાવાની યુવાનોને તક

ભાવનગર,તા.૧૨

યુવાનો સંરક્ષણ ભરતીમાં સારો દેખાવ કરી શકે તે હેતુથી બી.એસ.એફ., ગાંધીનગર ખાતે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવનાર છે.

તાલીમવર્ગમાં જોડાવા ઈચ્છુક પુરુષ ઉમેદવારોની ઉંમર ૧૭.૫ થી ૨૧ વર્ષ, શૈક્ષણિક લાયકાત ધોરણ-૮થી ૧૦ પાસ અથવા તેથી વધુ, ઊંચાઈ ૧૬૮ સે.મી., વજન ૫૦ કિગ્રા અને છાતીનું માપ ૭૭ (+૫) સે.મી. હોવું જરૂરી છે.

ઈચ્છુક ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, આધારકાર્ડ અને બેંક પાસબુકની નકલ તેમજ પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા સાથે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એફ-૫/૬, એનેક્સી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતે ચાલુ દિવસો દરમિયાન રૂબરૂ આવી અરજી કરવાની રહેશે. અગાઉ આ યોજના હેઠળ તાલીમ લીધેલ ઉમેદવારો આ તાલીમવર્ગ માટે ફોર્મ ભરી શકશે નહીં.

# આર.ટી.ઓ. દ્વારા સિલ્વર-ગોલ્ડ સિરીઝના ફેન્સી નંબરોનું કરવામાં આવશે ઈ-ઓક્શન

### ૧૫થી ૧૭ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી, ૧૭થી ૧૯ સપ્ટેમ્બર સાંજે ૪ વાગ્યા સુધી બિડિંગ કરી શકાશે

ભાવનગર, તા.૧૨ :

ભાવનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા ટ્રાન્સપોર્ટ તથા નોન-ટ્રાન્સપોર્ટ વાહનો માટે બાકી રહેલા સિલ્વર અને ગોલ્ડ સિરીઝના ફેન્સી નંબરોનું ઈ-ઓક્શન હાથ ધરાશે.

ટ્રાન્સપોર્ટ વાહનો માટે GJ-04-AX, થ્રી વ્હીલર પેસેન્જર અને ગુડ્સ માટે GJ-04-AV તથા ખાનગી મોટરસાઈકલ અને સ્કૂટર માટે GJ-04-FH સિરીઝના ૦૦૦૧થી ૯૯૯૯ સુધીના બાકી નંબરોની હરાજી થશે. આ માટે તા.૧૫થી ૧૭ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે, જ્યારે તા.૧૭થી ૧૯ સપ્ટેમ્બર સાંજે ૪ વાગ્યા સુધી બિડિંગનો સમય રહેશે. અરજદારે વાહન પોર્ટલ પર નોંધણી કરી યુઝર આઈડી અને પાસવર્ડ બનાવી હરાજીમાં ભાગ લેવાનો રહેશે. સફળ અરજદારે હરાજી પૂર્ણ થયાના પાંચ દિવસમાં બાકી રકમ જમા કરાવવાની રહેશે.

નિર્ધારિત સમયમર્યાદામાં રકમ ન ભરાય તો બેઝ પ્રાઈસની રકમ જપ્ત કરી નંબરની પુનઃહરાજી કરાશે. નિષ્ફળ અરજદારોને નિયમ મુજબ તેમણે કરેલી ચુકવણીના માધ્યમથી રકમ પરત કરવામાં આવશે. હરાજીની અંતિમ સત્તા પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની રહેશે.

## કેનીંગ અને કિચન ગાર્ડન યોજના હેઠળ તાલીમ

ભાવનગર,તા.૧૨

બાગાયત ખાતા દ્વારા રાજયભરમાં કેનીંગ અને કિચન ગાર્ડન યોજનામાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની મહિલાઓને ફળ અને શાકભાજી પરિરક્ષણ અંગેની ૨ (બે) તથા ૫ (પાંચ) દિવસીય તાલીમ આપવામાં આવે છે. આ યોજના હેઠળ મહિલા લાભાર્થીઓને દૈનિક રૂ.૨૫૦/- વૃતિકા પણ ચુકવવામાં આવશે, જેનો લાભ લેવા તાલીમાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરવા માટે આઈ ખેડુત પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) તા.:૧૦/૦૯/૨૦૨૬ થી તા.: ૧૯/૦૯/૨૦૨૬ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. લાભ લેવા ઈચ્છુક જિલ્લાની બહેનોએ ઓનલાઈન ફોર્મ ભરી સાથે જરૂરી ડોક્યુમેંટ જોડી બાગાયત ખાતાની કચેરીએ રજુ કરવા નાયબ બાગાયત નિયામક ભાવનગરની યાદીમાં જણાવવામાં આવે છે.

# 'આપણી આંગણવાડી, આપણી જવાબદારી'ના સંકલ્પ સાથે પોષણ માસની ભવ્ય ઉજવણી કરાઈ



ભાવનગર,તા.૧૨

'આપણી આંગણવાડી, આપણી જવાબદારી'ની થીમ સાથે સમગ્ર રાજ્યની સાથે ભાવનગર જિલ્લામાં ૯મા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. પોષણ માસ અંતર્ગત જનજાગૃતિ કેળવવા તથા પોષણને લોકઆંદોલનનું સ્વરૂપ આપવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે ભાવનગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા સહિત વિવિધ સમિતિના ચેરમેનો , સદસ્યો તથા સંબંધિત શાખાધિકારીઓએ પોષણ શપથ ગ્રહણ કરી પોષણ અંગે જનજાગૃતિ વધારવા અને તંદુરસ્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે પોષણ માસ દરમિયાન વિવિધ શાખાઓના સંકલનથી હાથ ધરાનારી પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ પોષણના સંદેશને જન-જન સુધી પહોંચાડવા તમામ પદાધિકારીઓ અને અધિકારીઓને સક્રિય સહભાગીદારી સાથે સંકલિત પ્રયાસો હાથ ધરી પોષણ અભિયાનને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા સૂચના આપી હતી.

### જિલ્લા પંચાયત પ્રમુખ લાધવા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓએ પોષણ શપથ ગ્રહણ કરી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

## પાટણાના મેળામાં જુગાર રમતા ૩ શખ્સો ઝડપાયા

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પોલીસ મથકના સ્ટાફે પાટણા ગામેથી લુણધરા જતા રોડ પર મેળામાં દરોડો પાડીને જાહેર જગ્યામાં ગંજીપત્તા વડે જુગાર રમતા ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે.પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં વિક્રમભાઈ સાગરભાઈ ભોજિયા (રહે. પાળીયાદ), જીતુભાઈ પ્રતાપભાઈ નંદાણીયા (રહે. લુણધરા) અને મનુભાઈ બચુભાઈ મકવાણા (રહે. મેવાસા)ને તીનપત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અને પટ્ટમાંથી કુલ રૂ. ૨,૫૦૦ ની રોકડ રકમ તથા ગંજીપત્તાના પાના કબ્જે કર્યા છે. વલ્લભીપુર પોલીસે તમામ સામે જુગાર અટકાયતી ધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અલંગ શીપયાર્ડમાં હાથફેરો કરનાર એક પકડાયો, ચાર હજુ પણ ફરાર

ભાવનગર,તા.૧૨

અલંગ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારના શીપયાર્ડમાં થયેલી ચોરીના અણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા સાંપડી છે. અલંગ મરીન પીઆઈ ડી.બી. ગુર્જર અને તેમની ટીમે બાતમીના આધારે આ કામગીરી કરી છે.

મળતી વિગત મુજબ, અલંગ શીપયાર્ડ પ્લોટ નં. ૮૪ ડી સામે આવેલ ખુલ્લા વર્કિંગ પ્લોટમાં રાત્રિ દરમિયાન સીક્યુરિટી કેબીન પાછળથી રૂ. ૧૯,૫૦૦/- ની કિંમતના પાઈપ સાથે જોઈન્ટ કરેલ ગેસ કટર નંગ-૨૮ ની ચોરી થઈ હતી.

આ ગુનામાં પોલીસે સંજયભાઈ ઉર્ફે ભૂરો મનુભાઈ મકવાણા (ઉં.વ. ૨૭, રહે. ટાણા કાશ્મીરનગર, શિહોર) ની અટકાયત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે લાલાભાઈ મકવાણા, અશ્વિનભાઈ વેગડ, સંજયભાઈ મકવાણા અને એક ભરવાડ નામના શખ્સો સાથે મળીને ચોરી કરી હોવાની કબ્બુલાત આપી છે. પોલીસે પકડાયેલા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને અન્ય ફરાર ચાર આરોપીઓને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

### ઓપન વર્કિંગ પ્લોટમાંથી રૂ. ૧૯,૫૦૦ની કિંમતના ૨૮ નંગ ગેસ કટરની ચોરી અંગે કાર્યવાહી

# બ્રહ્મકુંડ અને સાંઢીડા મહાદેવ મંદિરે ભાદરવી અમાસે ભરાયા લોકમેળા

### નવનાથ મહાદેવ અને રાજપરા ખોડિયાર મંદિરે પણ દર્શનાર્થીઓની ભારે ભીડ




ભાવનગર,તા.૧૨

પવિત્ર શ્રાવણ માસના સમાપનના દિવસ એવા ભાદરવી અમાસ નિમિત્તે સિહોરના બ્રહ્મકુંડ ખાતે તેમજ સણોસરાના સાંઢીડા મહાદેવ મંદિર ખાતે પરંપરાગત લોકમેળા યોજાયા હતા. બંને સ્થળોએ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો સહ પરિવાર ઉમટી પડતાં મેળામાં માનવ મહેરામણ જોવા મળ્યું હતું.

સિહોર બ્રહ્મકુંડ ખાતે લોકોએ પોતાના સુરધનદાદાની પૂજા-અર્ચના કરી તેમજ જોડનાથ અને કામનાથ મહાદેવના દર્શન કરી મેળાની મોજ માણી હતી. મેળામાં ચકડોળ, રમકડાં તથા ખાણીપીણીના સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રાજકીય, સામાજિક અને સેવાભાવી આગેવાનો દ્વારા નાસ્તા તથા ઠંડા પાણીનું વિતરણ કરાયું હતું. સિહોર નગરપાલિકા દ્વારા ચીફ ઓફિસરની દેખરેખ હેઠળ વ્યવસ્થા કરવામાં આવી હતી. સિહોર પોલીસ તથા સોનગઢ પોલીસ દ્વારા બંદોબસ્ત જાળવાયો હતો. બીજી તરફ સિહોરના નવનાથ મહાદેવ સહિત વિવિધ શિવાલયોમાં પણ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. તેમજ કોળિયાક નિષ્કલંક મહાદેવના દર્શન બાદ રાજપરા ખોડિયાર મંદિરે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પહોંચ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

ભોગગ્રસ્તે ફરિયાદ નોંધાવતા કલાકોમાં આરોપીએ ફરી હુમલો કર્યો, ૨૪ કલાકમાં પોલીસે દબોચી લીધા !!

# કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકનાર ખંડણી અને લૂંટના આરોપીઓ ૨૪ કલાકમાં ઝડપાયા

## જૂની માણેકવાડીના બનાવમાં કાયદો વ્યવસ્થાની ભારે ટીકા બાદ ગંગાજળિયા પોલીસની ત્વરિત કાર્યવાહી

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના ગંગાજળીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી લૂંટ અને ધાક-ધમકીની ગંભીર ઘટનામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ઘટનાના ૨૪ કલાકની અંદર તમામ ૫ આરોપીઓને ઝડપી લીધા છે. ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય તથા ડીવાયએસપી આર.આર. સિંઘાલની સૂચનાથી ગંગાજળીયા પીઆઈ આર.બી. ચૌહાણ અને સર્વેલન્સ સ્ટાફે ગુપ્ત બાતમીદારોને સક્રિય કરી આ સફળ કામગીરી પાર પાડી હતી.

બનાવની વિગતો મુજબ, આરોપી લખન રાઠોડ અને સરફરાઝ ઉર્ફે સફુ નામના ઈસમોએ ફરિયાદીના પિતા અને ભાઈ પાસે રૂ. ૧,૦૦,૦૦૦ની ખંડણી માંગી હતી અને બળજબરીથી રૂ. ૨,૦૦૦ કઢાવી લીધા હતા. આ અંગે પોલીસ ફરિયાદ થતાં તેની દાઝ રાખી આરોપીઓએ વારાફરતી આવી ફરિયાદીને લાકડાના સાંબેલાથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૩,૦૦૦ની લૂંટ ચલાવી હતી તેમજ તેમના એક્ટિવા મોટરસાયકલને નુકસાન પહોંચાડ્યું હતું.

ગંગાજળીયા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે ૨૪ કલાકમાં જ આરોપીઓ (૧) લખન કલાભાઈ રાઠોડ (ઉં.વ. ૩૩), (૨) સરફરાઝ ઉર્ફે સફુ મુસ્તાકભાઈ શેખ (ઉં.વ. ૨૧), (૩) ગણેશ ઉર્ફે ગની રમેશભાઈ જાપડીયા (ઉં.વ. ૨૭), (૪) રોહિત ઉર્ફે તગારી રાજુભાઈ બાંભણીયા (ઉં.વ. ૩૨) અને (૫) ઓમ નિલેશભાઈ પટેલ (ઉં.વ. ૨૦) ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રેલ્વે સ્ટેશન પાસે જુગાર રમતા ૩ શખ્સો ઝડપાયા

ભાવનગર,તા.૧૨

ભાવનગરના નિલમબાગ પોલીસ મથકના સ્ટાફે બાતમીના આધારે રેલ્વે સ્ટેશન સામે આવેલી કપોળ જ્ઞાતિની વાડીના ગેટ પાસે જાહેર રોડ પર રેડ પાડીને ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતા ૩ શખ્સોને ઝડપી લીધા છે.પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ માહિતીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં અસ્પાકભાઈ ઈસ્માઈલભાઈ શેખ, સલીમભાઈ જમાલભાઈ બાવનકા અને ઈમ્તીયાઝભાઈ રહીમભાઈ ખોખરને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન આરોપીઓની અંગઝડતી અને પટ્ટમાંથી મળેલ રોકડા રૂપિયા ૧૧,૫૦૦ તથા ગંજીપત્તાના પાના જપ્ત કર્યા છે. નિલમબાગ પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર અટકાયતી ધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પી.એમ.ઈ-બસમાં વયસ્કોની આરક્ષિત સીટો પર અન્ય યાત્રિકોના કબ્જાથી કચવાટ

## કંડક્ટર દ્વારા મદદ ન મળતી હોવાની ઉઠેલી રાવ



ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરમાં દોડતી પી.એમ.ઈ -બસોમાં વયસ્ક નાગરિકો માટે રાખવામાં આવેલી આરક્ષિત બેઠકો અંગે ગંભીર સમસ્યા સામે આવી છે. બસમાં 'સિનિયર સિટીઝન' માટે ફાળવાયેલી બેઠકો પર અન્ય મુસાફરો કબ્જો જમાવી લે છે, જેના કારણે વૃદ્ધોને મુસાફરી દરમિયાન ઊભા રહેવાની ફરજ પડે છે.તેવી રાવ ઉઠી છે.

વધુમાં સિનિયર સિટીઝનો પોતાની આરક્ષિત જગ્યા ખાલી કરવા વિનંતી કરે છે, ત્યારે કબ્જો કરનાર કેટલાક મુસાફરો તે સ્વીકારવાની સાફ ના પાડી દે છે. આ તબક્કે ફરજ પરના બસ કંડક્ટર પણ વયસ્ક નાગરિકોને તેમનો હક્ક અપાવવામાં કોઈ સહયોગ આપતા નથી અને મુકપ્રેક્ષક બની રહે છે.તેવી ફરિયાદ પણ ઉઠી છે જે તપાસનો વિષય છે.

તંત્ર દ્વારા સિનિયર સિટીઝનોની સુવિધા માટે કરવામાં આવેલી આ વ્યવસ્થા માત્ર કાગળ પર રહી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. જવાબદાર અધિકારીઓ આ બાબતે તાત્કાલિક ધ્યાન આપે અને કંડક્ટરોને યોગ્ય સૂચના આપી આરક્ષિત સીટોનો કડક અમલ કરાવે તેવી લોકમાગ ઉઠી છે.

# મહુવામાં બાથરૂમના પાણી બાબતે બોલાચાલીમાં પાઈપ વડે હુમલો

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે ભગવતી નંબર-૨ સરકારી ક્વાર્ટર પાછળ રહેતા મુકેશભાઈ બોધાભાઈ ડોણાસીયા પર બાથરૂમના પાણી બાબતે પાડોશીઓએ હુમલો કર્યો હતો. ગુરુવારે સવારે બાથરૂમનું પાણી રસ્તા પર જવા બાબતે બોલાચાલી થતાં, પાડોશી જમનાબેન ઢાપા, રઘાભાઈ ઢાપા, મીલનભાઈ ઢાપા અને મંજુલાબેન ઢાપાએ ગાળો આપી ઝપાઝપી કરી હતી. આ દરમિયાન મીલનભાઈએ લોખંડની પાઈપ માથામાં મારી દેતાં મુકેશભાઈને લોહી નીકળતાં ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે વધુ સારવાર અર્થે હનુમંત હોસ્પિટલ ખસેડાયા છે. મહુવા ટાઉન પોલીસે ચારેય આરોપીઓ સામે બી.એન.એસ. અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાળિયાબીડમાં ગણેશ મહોત્સવ

## રિદ્ધિ સિદ્ધિ મિત્ર મંડળ અને જનસેવા પથદર્શક ટ્રસ્ટ દ્વારા ૧૧ દિવસ સુધી ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો, શોભાયાત્રા અને મહાપ્રસાદનું આયોજન

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલા તુલસી ચોક (લખુભાઈ હોલ) ખાતે રિદ્ધિ સિદ્ધિ મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી જનસેવા પથદર્શક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૮મા ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૪-૯-૨૬ સોમવાર થી તા. ૨૪-૯-૨૬ ગુરુવાર દરમિયાન ૧૧ દિવસ સુધી આ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.

મહોત્સવના પ્રથમ દિવસે તા. ૧૪ સપ્ટેમ્બરે સાંજે ૪ કલાકે વિરાણી સર્કલથી તુલસી ચોક પંડાલ સુધી વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા નીકળશે અને મૂર્તિ સ્થાપના કરવામાં આવશે. ૧૧ દિવસ દરમિયાન દરરોજ રાત્રે ૯ કલાકે વિવિધ સંગીતમય, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકડાયરાનું આયોજન કરાશે. ઉપરાંત, દરરોજ બપોરે ૧૨ વાગ્યે તથા સાંજે ૭ વાગ્યે થાળ અને સાંજે ૭:૩૦ વાગ્યે શુભમ કલાવૃંદના સુરભીબેન પરમાર દ્વારા મહાઆરતી યોજાશે.

મહોત્સવ દરમિયાન ગણેશજીને દરરોજ અલગ-અલગ દિવ્ય શૃંગાર તથા વિશેષ ભોગ અર્પણ કરવામાં આવશે. અંતમાં તા. ૨૫ સપ્ટેમ્બરે સવારે ૯ કલાકે વિરાણી ચોક થઈને નિષ્કલંક મહાદેવ (નકળંગ) ખાતે ભવ્ય વિસર્જન યાત્રા યોજાશે. આ દિવ્ય મહોત્સવનો લાભ લેવા ભાવેણાની ધર્મપ્રેમી જનતાને ટ્રસ્ટ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભાવનગર ગ્રામ્યમાં આંગણવાડી કેન્દ્રો બન્યા પોષણ જાગૃતિના કેન્દ્ર

## બાળકો અને વાલીઓને પોષણ તથા આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું

ભાવનગર,તા.૧૨

ભાવનગર ગ્રામ્ય જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકો, લાભાર્થીઓ તથા વાલીઓની સહભાગિતા સાથે વિવિધ પોષણલક્ષી અને જાગૃતિસભર પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

આ પ્રવૃત્તિઓના માધ્યમથી બાળકો તથા વાલીઓને સંતુલિત અને પોષણયુક્ત આહાર, સ્વચ્છતા તેમજ સ્વસ્થ જીવનશૈલી અંગે જરૂરી માર્ગદર્શન અને મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો.



પોષણ માસ દરમિયાન સમગ્ર વિસ્તારમાં પોષણ અંગે જનજાગૃતિ વધે તેમજ સુપોષિત સમાજના નિર્માણમાં સૌની સહભાગિતા સુનિશ્ચિત થાય તે હેતુસર વિવિધ પોષણલક્ષી અને જનજાગૃતિસભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# એક જ પરિવારના ત્રણ સંતાનો ડોક્ટર બન્યા

ઉના,તા.૧૨

ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાના સામતેર ગામના મેઘનાથી પરિવારે એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પરિવારના ત્રણ સંતાનો ડોક્ટર બન્યા છે. નાની ઉંમરે પિતા ગુમાવ્યા પછી પણ, માતાની મક્કમતા અને બાળકોની સખત મહેનતથી આ સિદ્ધિ મળી છે. આનાથી દશનામ ગોસ્વામી સમાજ અને સામતેર ગામનું નામ રોશન થયું છે.

વિનોદગીરી ભુપતગીરી મેઘનાથીના અવસાન બાદ પરિવારે ઘણા સંઘર્ષનો સામનો કર્યો. જોકે, માતા દક્ષાબેન મેઘનાથીએ હિંમત ન હારી. તેમણે પોતે ઓછો અભ્યાસ કર્યો હોવા છતાં, સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી ડોક્ટર બનાવવાનું સપનું જોયું હતું. બાળકોએ પણ પિતાની ગેરહાજરી અનુભવવા દીધા વિના માતાના આ સપનાને પોતાનું લક્ષ્ય બનાવ્યું. આ સંતાનોમાં ઓમકારગીરી વિનોદગીરીએ તાજેતરમાં હિંમતનગર ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં M.B.B.S. માં પ્રવેશ મેળવ્યો છે. દેવાંશીબેન વિનોદગીરીએ B.A.M.S. નો અભ્યાસ પૂરો કર્યો છે.


**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**સમાન્તર ફિડર વાયરની જોગવાઈ**

**ટેન્ડર નં. ૧૧-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭-R૧**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામઃ** વાંસજાળીયા (SP) - પોરબંદર (SSP) સેક્શન - સમાન્તર ફિડર વાયરની જોગવાઈ. **ટેન્ડર રકમઃ** ₹ ૧૨,૪૯,૧૨,૮૯૧/- **ટેન્ડર ફીઃ** શૂન્ય, **ઈએમડી રકમઃ** ₹ ૨૪,૯૮,૩૦૦/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર લીંક એટલે કે www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૦૫-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-125

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**ટ્રેક મશીન સાઈડીંગની જોગવાઈના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નં. ૧૭-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ચોરવાડ, ધોરાજી, જામ જોધપુર અને વડાલ ખાતે ટ્રેક મશીન સાઈડીંગની જોગવાઈના સંબંધમાં TRD કામ. **ટેન્ડર રકમઃ** ₹ ૨૬,૮૨,૨૬૬.૪૮/- **ટેન્ડર ફીઃ** શૂન્ય, **ઈએમડી રકમઃ** ₹ ૫૩,૭૦૦/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર લીંક એટલે કે www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૦૫-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-126

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


### તળાજા નગરપાલિકા -તળાજા જિ. ભાવનગર
### ઓનલાઇન જાહેર નિવિદા

આથી તળાજાનગરપાલિકા,તળાજા,જિભાવનગર ને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને સ્વચ્છ ભારત મીશન યોજના ૨.૦ અંતર્ગત તેમજ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ(૧) : નગરપાલિકાની ડમ્પસાઇડ ખાતે હયાત લેગેસી વેસ્ટના નિકાલની કામગીરી.

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા.૧૫.૬૮લાખ | કામની સમય મર્યાદાઃ ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા.૪૭,૦૪૦/- | ટેન્ડર ફીઃરૂા. ૧,૫૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure.com |

કામનું નામ(૨) : શહેરના પંચનાથ મહાદેવ મંદિર પાસે ઓકસીજન પાર્ક (અર્બન ફોરેસ્ટ)ની કામગીરી.

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા.:- નિલ | કામની સમય મર્યાદાઃ ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા.૧૦,૧૦૦/- | ટેન્ડર ફીઃરૂા. ૯૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure.com |

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેનીછેલ્લીતારીખ તથા સમય ૨૮/૦૯/૨૦૨૬નારોજ ૧૮.૦૦ કલાક સુધી

ઓરીજનલ ટેન્ડરફી અને ઇ.એમ.ડી. રજી.એડી/સ્પીડ પોસ્ટ/ કુરીયર થી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૩/૧૦/૨૦૨૬ ના રોજ સાંજ ના ૬:૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, તળાજા નગરપાલિકા, મું. તળાજા, જિ. ભાવનગર

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| ( પરાક્રમસિંહ ટી. મકવાણા) | (તેજલબેન ડી.પરમાર) | ( ધર્મેન્દ્રસિંહ એસ.વાળા) | (હેતલબેન કે. રાઠોડ) |
|---|---|---|---|
| ઈચા.ચીફ ઓફિસર | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| તળાજા નગરપાલિકા | તળાજા નગરપાલિકા | તળાજા નગરપાલિકા | તળાજા નગરપાલિકા |

માહિતી-ભાવ-૬૩૯-૨૬

### વલ્લભીપુર નગરપાલિકા - વલ્લભીપુર જિ. ભાવનગર
### ઓનલાઇન જાહેર નિવિદા

આથી વલ્લભીપુર નગરપાલિકા, વલ્લભીપુર, જિ ભાવનગરને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૬-૨૭ વર્ષની સ્વચ્છ ભારત મીશન યોજના અંતર્ગતનીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામઃ નગરપાલિકાની ડમ્પ સાઇડ ખાતે હયાત લેગેસી વેસ્ટના નિકાલની કામગીરી.

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા. ૪૭.૬૨ લાખ | કામની સમય મર્યાદાઃ ૪-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૧,૪૩,૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૧,૫૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure |

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી

પ્રી-બીડ મીટીંગ માટેની તારીખ તથા સમય અને સરનામું તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાકે વલ્લભીપુર નગરપાલિકા મું વલ્લભીપુર, જી.ભાવનગર

ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૬/૧૦/૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર,વલ્લભીપુર નગરપાલિકા, મું.વલ્લભીપુર, જિ.ભાવનગર

ટેકનીકલ બિડ ખોલવાની તારીખઃ૦૭/૧૦/૨૦૨૬,નારોજ ૧૨.૦૦કલાકે

પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ ૦૭/૧૦/૨૦૨૬,ના રોજ ૧૨.૩૦ કલાકે

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| ચીફ ઓફિસર | પ્રમુખ |
|---|---|
| વલ્લભીપુર નગરપાલિકા | વલ્લભીપુર નગરપાલિકા |

માહિતી-ભાવ-૬૩૮-૨૬

### જાહેરનામું
### મહેસૂલ વિભાગ
### સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩ નો ૩૦ મો)

જિલ્લો :- ભાવનગર

ક્રમાંક નં: અમ-મ-૨૦૨૬-૯૨૭-જભવ-૧૪૨૦૨૫-૮૫૧-ચ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનની જાહેર હેતુ માટે એટલે કે, "મણાર-ભારાપરા-પાદરી-તરસરા રોડને (કોસ્ટલ હાઈવે) ચારમાર્ગીય" (જેનો આમાં હવે પછી "જાહેર હેતુની યોજના" એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) હવે જ્યારે તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસૂલ વિભાગના જાહેરનામાં ક્રમાંક:અમ-મ-૨૦૨૫-૪૧૭-જભવ-૧૪૨૦૨૫-૮૫૧-ચ, તા.૨૩/૦૬/૨૦૨૫ થી ગુજરાત સરકારે "જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ-૧૦(એ) ((જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં.૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકારે જાહેર હિતમાં મણાર-ભારાપરા-પાદરી-તરસરા રોડને (કોસ્ટલ હાઈવે) ચારમાર્ગીયના બાંધકામ માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિ ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ જોગવાઈઓની અમલવારી માંથી મુક્તિ આપેલ છે, અને

(૨) હવે જ્યારે રાજ્ય સરકારે "સદરહુ અધિનિયમ" ની કલમ-૪૩(૧) મુજબ નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી તળાજાને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુન:વસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

(૩) હવે જ્યારે "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૧(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામાં ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૬૦૨-જભવ-૧૪૨૦૨૫-૮૫૧-ચ, તા.૩૦/૦૮/૨૦૨૫ થી અનુસૂચિત જમીનોનો ઉપરોકત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

(૪) હવે જયારે "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૫ની પેટા કલમ-૨ નીચેના નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી તળાજાના અહેવાલને વિચારણામાં લીધા બાદ રાજ્ય સરકારને સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુ" યોજના" માટે જરૂરી છે, અને

(૫) તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસુચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

(૬) ગુજરાત સરકાર "સદરહુ અધિનિયમ" ની કલમ-૩(જ) થી મળેલ સત્તા અન્વયે, અનુસૂચિત જમીનોના સંબંધમાં "સદરહું અધિનિયમ" નીચેના હવે પછી કલેક્ટર તરીકે કરવાના કાર્યો બજાવવા માટે, નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી તળાજાની નિમણૂંક કરે છે.

(૭) સદરહુ અનુસૂચિત જમીનના નકશા, નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી તળાજાની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

મોજેઃ ભારાપરા તાઃ તળાજા જિલ્લોઃ ભાવનગર

| અનુક્રમ નંબર | *સર્વે/બ્લોક નંબર | જરૂરી વિસ્તાર (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૧૭ પૈકી ૧ | ૦-૫૪-૫૦ |
| ૨ | ૧૮ પૈકી ૧ | ૦-૧૧-૦૭ |
| ૩ | ૧૯ પૈકી ૧ | ૦-૧૯-૭૨ |
| ૪ | ૧૯ પૈકી ૨ | ૦-૦૯-૧૯ |
| ૫ | ૧૯ પૈકી ૩ | ૦-૧૦-૨૦ |
| ૬ | ૨૨/૧ | ૦-૧૨-૩૧ |
| ૭ | ૨૨/૨ | ૦-૧૮-૫૦ |
| ૮ | ૨૨/૪ પૈકી ૧ | ૦-૧૯-૩૨ |
| ૯ | ૨૨/૪ પૈકી ૩ | ૦-૧૩-૯૨ |
| ૧૦ | ૨૨/૫ પૈકી ૧ | ૦-૧૩-૧૨ |
| ૧૧ | ૨૨/૫ પૈકી ૨ | ૦-૨૩-૫૪ |
| ૧૨ | ૨૩ પૈકી ૧ | ૦-૨૦-૬૦ |
| ૧૩ | ૭૩ | ૦-૧૦-૧૩ |
| ૧૪ | ૭૪/૧ પૈકી ૧ | ૦-૩૭-૮૫ |
| ૧૫ | ૭૪/૧ પૈકી ૨ | ૦-૦૧-૦૮ |
| ૧૬ | ૭૪/૪ પૈકી ૧ | ૦-૦૫-૭૯ |
| ૧૭ | ૭૪/૪ પૈકી ૨ | ૦-૦૫-૭૧ |
| ૧૮ | ૭૪/૪ પૈકી ૩ | ૦-૧૬-૯૩ |
| ૧૯ | ૭૪/૪ પૈકી ૪/ પૈકી ૧ | ૦-૨૯-૭૨ |
| ૨૦ | ૭૪/૪ પૈકી ૫ | ૦-૧૫-૯૧ |
| ૨૧ | ૭૭/૨ પૈકી ૧ | ૦-૧૦-૨૩ |
| ૨૨ | ૭૭/૨ પૈકી ૨ | ૦-૧૫-૩૭ |
| ૨૩ | ૭૭/૨ પૈકી ૩ | ૦-૨૪-૨૭ |
| ૨૪ | ૭૭/૨ પૈકી ૪ | ૦-૧૨-૬૧ |
| ૨૫ | ૭૮ પૈકી ૧ | ૦-૩૫-૭૭ |
| ૨૬ | ૭૮ પૈકી ૮ | ૦-૧૫-૬૮ |
| ૨૭ | ૯૫/૧ પૈકી ૧ | ૦-૧૩-૬૮ |
| ૨૮ | ૯૫/૧ પૈકી ૩ | ૦-૦૫-૫૫ |
| કુલ | | ૪-૮૨-૨૭ |

(૮) કલમ-૧૧(૧)ના પ્રાથમિક જાહેરનામાં ક્રમાંક:- અમ-મ-૨૦૨૫-૬૦૨-જભવ-૧૪૨૦૨૫-૮૫૧-ચ, તા.૩૦/૦૮/૨૦૨૫ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે અનુક્રમ નંબર સામે દર્શાવેલ જમીનો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનો ઉપર દર્શાવેલ હેતુ માટે સંપાદન થવાનું આથી પડતુ મુકવામાં આવે છે.

સંપાદન માંથી પડતી મુકવાની જમીનની વિગત

ગામઃ ભારાપરા તાલુકોઃ તળાજા જિલ્લોઃ ભાવનગર

| અનુક્રમ નંબર | બ્લોક/સર્વેનંબર | સંપાદનમાંથી પડતી મુકવાની જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | ૭૪/૪ પૈકી ૪/પૈકી ૨ | ૦-૦૧-૩૬ |
| | કુલ | ૦-૦૧-૩૬ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

ડી. બી. નિમાવત,

સરકારના નાયબ સચિવ

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

માહિતી-ભાવ-૬૪૦-૨૬

# લઠ્ઠાકાંડમાં હત્યાનો ગુનો દાખલ : 'ઝેરી' રોયલ સ્ટેગ પીવડાવી ભાવેશ નામના રિક્ષાચાલકની મિત્ર મુકેશે હત્યા કર્યાનું ખુલ્યું

## ધંધાકીય અદાવતમાં ડુપ્લીકેટ ઝેરી દારૂ પીવડાવી મિત્રએ જ લીધો ભોગ, મુકેશ પટેલ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં હત્યાનો ગુનો દાખલ

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત તારીખ ૦૪/૦૯/૨૦૨૬ ના રોજ ભાવેશભાઈ ધીરૂભાઈ વિસાણી નામના રિક્ષાચાલકનું સારવાર દરમિયાન શંકાસ્પદ મોત નીપજવાની ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો છે કે મૃતકના મિત્ર અને સહ-રિક્ષાચાલકે જ ધંધાકીય અદાવતના કારણે ડુપ્લીકેટ ઝેરી દારૂ પીવડાવીને તેની હત્યા કરી હતી. પોલીસની આ સમગ્ર તપાસમાં સરાહનીય કામગીરી રહેલ.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૃતક ભાવેશભાઈ અને આરોપી મુકેશભાઈ હસમુખભાઈ પટેલ બંને રિક્ષા ચલાવીને સ્કૂલ વર્ધીનું કામ કરતા હતા. ભાવેશે મુક્તલક્ષ્મીની સ્કૂલ વર્ધીની ના પાડતા મુકેશભાઈને ધંધા બાબતે ભાવેશભાઈ સાથે મનદુઃખ ચાલતું હતું. દરમિયાન ભાવનગરમાં ડુપ્લીકેટ રોયલ સ્ટેગ દારૂ પીવાથી અનેક લોકોના મોત નીપજ્યા હોવાની અને પોલીસ તપાસ ચાલુ હોવાની જાણ હોવા છતાં, મુકેશે પોતાની પાસે સંતાડી રાખેલી ઝેરી દારૂની બોટલ શીતળા સાતમના તહેવારના દિવસે ભાવેશભાઈને પીવડાવી દીધી હતી. અને પોતે બેગ પાઈપરના ક્વાર્ટરમાંથી દારૂ પીધો હતો.

ડુપ્લીકેટ રોયલ સ્ટેગના ઝેરી દારૂની અસરથી તબિયત લથડતાં ભાવેશભાઈને સર.ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. FSL રિપોર્ટમાં મૃતકના શરીરમાં મિથાઈલ આલ્કોહોલ હોવાનું ખુલ્યું હતું. પોલીસે આ મામલે કોલ રેકોર્ડિંગ, સીસીટીવી ફૂટેજ અને સાહેદોના નિવેદનો મેળવી મજબૂત પુરાવા એકત્ર કર્યા હતા. આરોપી મુકેશે ગુનો છુપાવવા અને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ પણ કર્યો હતો.આ ગંભીર બનાવ અંગે ઘોઘારોડ પોલીસ સ્ટેશનના એ.એસ.કટારાની ફરિયાદના આધારે મુખ્ય આરોપી મુકેશભાઈ હસમુખભાઈ પટેલ તેમજ ડુપ્લીકેટ દારૂ પૂરો પાડનાર સંજય નામના શખ્સ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ, એ), ૬૫(એ)(૧)(ડી), ૮૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની સઘન તપાસ હાથ ધરી છે.આમ બહુ ચર્ચિત લઠ્ઠા કાંડ મામલે જાણીજોઈને મિત્રને ડુપ્લીકેટ ઝેરી દારૂ રોયલ સ્ટેગ પીવડાવી ઠંડા કલેજે હત્યા કર્યાનું ખુલતા ચકચાર મચી જવા પામી છે.

# સોમવારથી આવી પહોંચશે શ્રીજીની સવારી

## ભાવનગરમાં ગણેશોત્સવનો ધમધમાટ, વિવિધ વિસ્તારમાં પંડાલ અને સ્ટેજ સજ્જ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેર સહિત સમગ્ર વિસ્તારમાં ગણેશોત્સવ પર્વની ઉજવણીને લઈને ભક્તોમાં અદભુત ઉત્સાહ અને તરંગ જોવા મળી રહ્યો છે. જ્યોતિષીય ગણતરી મુજબ આ વખતે સોમવારે ત્રીજ અને ચોથની તિથિ એક જ દિવસે ભેગી આવતી હોવાથી મોટાભાગના મંડળો તેમજ ઘરોમાં સોમવારે જ વિઘ્નહર્તા દાદાની શાસ્ત્રોક્ત વિધિથી સ્થાપના કરવામાં આવશે. તિથિના આ વિશેષ સંયોગને કારણે ભક્તો રવિવારથી જ ઢોલ-નગારા, અબીલ-ગુલાલની છોળો અને ડીજેના તાલે 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષ સાથે શ્રીજીની ભવ્ય આગમન યાત્રા યોજવામાં આવશે.

ભાવનગરના વિવિધ ગણેશ મંડળો દ્વારા ઉત્સવની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. પર્યાવરણની જાળવણી પ્રત્યે લોકોમાં જાગૃતિ વધતાં આ વર્ષે માટીની (ઈકો-ફ્રેન્ડલી) મૂર્તિઓ સ્થાપિત કરવાનો ક્રેઝ વિશેષ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, શહેરમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા સામાજિક જાગૃતિ, પર્યાવરણ રક્ષણ તેમજ પૌરાણિક કથાઓ પર આધારિત ભવ્ય અને કલાત્મક પંડાલો આકાર પામી ચૂક્યા છે.સોમવારથી શરૂ થઈ રહેલા આ ૧૦ દિવસીય ગણેશોત્સવ દરમિયાન શહેરના ખૂણેખૂણે આવેલા પંડાલોમાં દરરોજ ભાવિકો માટે મહાઆરતી, મોદક મહાપ્રસાદ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દાદાના આગમનને પગલે સમગ્ર ભાવનગર શહેર અત્યારે ભક્તિમય અને 'ગણેશમય' બની ગયું છે.

# ક્રેસન્ટ સર્કલ પાસે પાઉભાજીની લારીમાંથી બીયરના ટીન સાથે એક શખ્સ ઝડપાયો

**ઘોઘારોડ પોલીસની નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી; ગુનો દાખલ**

ભાવનગર,તા.૧૨

ભાવનગરઃ શહેરના ક્રેસન્ટ સર્કલ ખાતે આવેલ સરદાર સ્મૃતિની દીવાલ પાસે પાઉભાજીની લારીમાં ગેસ કાનૂની રીતે ભારતીય બનાવટના વિદેશી બીયર રાખી વેચાણ કે સેવન કરતા એક શખ્સને ઘોઘારોડ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૩૬૦ ની કિંમતના ૪ બીયરના ટીન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘોઘારોડ પોલીસ સ્ટેશનના સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન નેત્રમ મારફતે ક્રેસન્ટ સર્કલ ખાતે પાઉભાજીની લારી પાસે કેટલાક ઈસમો દારૂ પીતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તુરંત જ સ્થળ પર પહોંચી તપાસ કરતા ધર્મેન્દ્રભાઈ પોપટભાઈ મકવાણા (રહે. બોરડીગેટ, ભાવનગર) નામનો શખ્સ પોતાની પાઉભાજીની લારીમાં ચુલાની બાજુમાંથી પ્લાસ્ટિકની થેલીમાં બિયરના ટીન સાથે મળી આવ્યો હતો. પોલીસે પંચોની હાજરીમાં રૂ. ૯૦ ની કિંમતની બોટલ લેખે કુલ ૫૦૦ એમ.એલ. ના ૪ 'બડવાઈઝર મેગ્નમ' બીયરના શીલબંધ ટીન કબ્જે કર્યા હતા. આ અંગે કોઈ પાસ કે પરમીટ નહીં હોવાથી પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ.ઈ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી અટકાયત કરી છે.

# પ્લોટ ખરીદી લેતા રસ્તો બંધ થવાથી ત્રસ્ત રહીશનો હોટેલ સળગાવવા પ્રયાસ, આરોપી ઝબ્બે

**રસોઈ હોટલ સળગાવનાર આરોપી ગણતરીના કલાકોમાં ગિરફ્તારઃ નિલમબાગ પોલીસની કાર્યવાહી**



ભાવનગર,તા.૧૨

ભાવનગરના કાળુભા રોડ પર આવેલી રસોઈ હોટલ પર પેટ્રોલ છાંટીને આંગ ચાંપવાના ચકચારી કેસમાં નિલમબાગ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, રસોઈ ડાઈનિંગ હોલની પાછળ આવેલા ખુલ્લા પ્લોટનો કબ્જો તાજેતરમાં હોટલ માલિકે લીધો હતો. આ પ્લોટ બંધ થવાથી બાજુમાં રહેતા આરોપી દિવ્યરાજસિંહ ઉર્ફે ભયલુભાઈ દરબારનો રસ્તો બંધ થઈ ગયો હતો. આ બાબતનો ખાર રાખીને તેણે ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મોડી રાત્રે હોટલના શટર પર જ્વલનશીલ પ્રવાહી (પેટ્રોલ) છાંટીને આગ લગાડી દીધી હતી. આગના કારણે અંદરનું ફ્લાવર ડેકોરેશન સળગીને ખાખ થઈ ગયું હતું.

પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને એસપી નીતેશ પાંડેયની સૂચનાથી નિલમબાગ પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. પીઆઈ ડી.પી. ઉનડકટ અને તેમની સર્વેલન્સ ટીમે ચોક્કસ બાતમીના આધારે વાઘાવાડી રોડ પાણીની ટાંકી પાસેથી આરોપી દિવ્યરાજસિંહ ભીખુભા રાણા (ઉં.વ. ૩૫)ને પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૩૨૬(જી) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તાળા તોડી કોર્પોરેશને માસનો જથ્થો જપ્ત કરી બોલાવ્યો સપાટો

# પ્રતિબંધ છતાં પર્યુષણ પર્વમાં માસ મટનના કેટલાક હાટડા ધમધમતા મહાપાલિકા તંત્રએ કરી કાર્યવાહી



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૨

પર્યુષણ પર્વ દરમિયાન કતલખાના અને મટન માર્કેટ બંધ રાખવાના આદેશનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે ભાવનગર મહાનગરપાલિકા તંત્રએ આજે ચેકીંગ હાથ ધરી કાર્યવાહી કરી છે. પ્રતિબંધ છતાં દુકાનો ખુલ્લી રાખનારાઓ સામે મનપાએ આશરે ૩૫ કિલો મટનનો જથ્થો અને કતલ માટેના સાધનો જપ્ત કર્યા છે.

પર્યુષણ પર્વ નિમિત્તે નિયમોનો કડક અમલ કરાવવા મનપાના આરોગ્ય વિભાગ, એસ્ટેટ શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને ફાયર બ્રિગેડની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે રાખીને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. મનપાની સંયુક્ત ટીમે ભીલવાડા સર્કલ અને કાછિયાવાડ સહિતના વિસ્તારોમાં આવેલી મટનની દુકાનો અને કતલખાનાઓમાં સઘન તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મોટાભાગની દુકાનો બંધ મળી આવી હતી, પરંતુ ૩ દુકાનો ખુલ્લી જણાતા તેને તુરંત બંધ કરાવવામાં આવી હતી. મનપાની ટીમ આવતી જોઈ કેટલાક સંચાલકો દુકાનો બંધ કરીને ભાગી છૂટ્યા હતા. આવી શંકાસ્પદ દુકાનોના તાળાં તોડીને તપાસ કરતા અંદરથી ૩૫ કિલો મટનનો જથ્થો તેમજ કાપકામમાં વપરાતી છરીઓ સહિતના સાધનો મળી આવ્યા હતા, જે મનપાએ કબજે લીધા છે.

જે દુકાનોમાંથી મટન અને કતલના સાધનો મળી આવ્યા છે, તે દુકાનો નિયમ મુજબ નોંધાયેલી (રજિસ્ટર્ડ) છે કે બિનઅધિકૃત રીતે ચાલતી હતી તે દિશામાં મનપાએ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**મ્યુ. આરોગ્ય વિભાગ સહિતની ટીમના કાફલાએ પોલીસ બંદોબસ્ત સાથે ચેકીંગ હાથ ધરતા કેટલાકે દુકાનના શટર પાડી દીધા, ત્રણ દુકાનમાંથી ૩૫ કિલો માસ અને કતલના સાધનો જપ્ત**

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેનની અધ્યક્ષતામાં રેલવે વિભાગમાં મળી સમીક્ષા બેઠક

# ભાવનગરને રેલવેના નકશામાં વધુ 'કનેક્ટેડ' બનાવવા કવાયત : લાંબા અંતરની ટ્રેનોની માંગ પર થયું મંથન

**ભાવનગર—સુરત વંદે ભારત સ્લીપર સહીત ભુજ-કચ્છ અને અન્ય શહેરો સાથે નવી ટ્રેનો અંગે સકારાત્મક ચર્ચા; ધોળાને અમૃત ભારત સ્ટેશનમાં સામેલ કરવા તથા ટર્મિનસ-પરા યાર્ડના વિકાસની પણ સમીક્ષા**

ભાવનગર, તા.૧૨

કેન્દ્રીય રાજ્યમંત્રી તથા ભાવનગર લોકસભાના સાંસદ નિમુબેન બાંભણિયાએ મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા તથા ભાવનગર મંડળના વરિષ્ઠ શાખાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મુસાફર સુવિધાઓ, માળખાકીય સુવિધાઓ, વિવિધ સ્ટેશનો પર ચાલી રહેલા વિકાસ કાર્યો અને ભાવનગર મંડળની ભાવિ યોજનાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ભાવનગરને દેશના મુખ્ય શહેરો સાથે વધુ સારી રેલ કનેક્ટિવિટી મળે તે માટે ભાવનગરથી લાંબા અંતરની નવી ટ્રેનો શરૂ કરવા અંગે ખાસ ચર્ચા થઈ હતી.

ખાસ કરીને ભાવનગર—સુરત વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરવા ઉપરાંત ભાવનગરને સુરત, ભુજ-કચ્છ તથા અન્ય મુખ્ય શહેરો સાથે જોડતી લાંબા અંતરની ટ્રેનો અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. મંત્રીએ મુસાફરોની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બહેતર રેલ કનેક્ટિવિટી પ્રદેશના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ હોવાનું જણાવી આ દિશામાં શક્ય તમામ સહયોગનું આશ્વાસન આપ્યું હતું.

મંડળ દ્વારા હાથ ધરાયેલા કાર્યોની પ્રશંસા કરતાં નિમુબેન બાંભણિયાએ તમામ વિકાસ કામો ઉચ્ચ ગુણવત્તા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો. તેમજ મંડળમાં વધુમાં વધુ સોલાર પ્લાન્ટ સ્થાપવા અને રેલવે પરિસરમાં હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવા પણ સૂચન કર્યું હતું.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ PPT પ્રેઝન્ટેશન મારફતે ચાલી રહેલા વિકાસ કાર્યો, મુસાફર સુવિધાઓ અને ભાવિ યોજનાઓની માહિતી રજૂ કરી હતી. બેઠકમાં ધોળા સ્ટેશનને 'અમૃત ભારત સ્ટેશન' યોજના હેઠળ સામેલ કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. સાથે જ ૬ જુલાઈ, ૨૦૨૬થી વેરાવળ—તાલાલા તથા જૂનાગઢ—દેલવાડા મીટરગેજ રેલમાર્ગોને હેરિટેજ જાહેર કરાયા હોવાની માહિતી આપવામાં આવી હતી.

ભાવનગર ટર્મિનસને નીલમબાગ પેલેસની તર્જ પર વિકસિત કરવાના કાર્યોની પણ સમીક્ષા થઈ હતી. ઉપરાંત ભાવનગર પરા યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટની પ્રગતિ તથા તેના પરિણામે ભવિષ્યમાં રેલ સંચાલન અને મુસાફર સુવિધાઓમાં થનારા લાભોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સેક્રેટરી ખુશ્બુ સુથાર, એડિશનલ સેક્રેટરી મહેશ ચૌહાણ, અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિત ભાવનગર મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**રેલ કનેક્ટિવિટી પ્રદેશના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ, જ્યા કામ અટકે ત્યાં યાદ કરજો : નિમુબેન**

**કેન્દ્રીય મંત્રીએ યાત્રિકોની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બહેતર રેલ કનેક્ટિવિટી પ્રદેશના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ હોવાનું જણાવી આ દિશામાં શક્ય તમામ સહયોગનું આશ્વાસન આપ્યું હતું.તમામ વિકાસ કામો ઉચ્ચ ગુણવત્તા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો. તેમજ મંડળમાં વધુમાં વધુ સોલાર પ્લાન્ટ સ્થાપવા અને રેલવે પરિસરમાં હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવા પણ સૂચન કર્યું હતું.**

# તળાજામાં વાહનની ટક્કરથી તકરાર બાદ હિંસક હુમલો

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના તળાજા શહેરના બારૈયાનગર સોસાયટી પાસે ગાડીની મામૂલી ટક્કરની બાબતે થયેલી બોલાચાલી હિંસક ધીંગાણામાં ફેરવાઈ હતી. દરબારગઢ વિસ્તારમાં રહેતા અને મામલતદાર કચેરી પાસે હોટલ ચલાવતા જયદીપસિંહ વાળાના સંબંધી હર્ષવર્ધનસિંહની ગાડીની ગોરખી દરવાજા વિસ્તારના કુશ દોરાળાની ગાડી સાથે ટક્કર થતાં માથાકૂટ થઈ હતી. આ અંગે વાતચીત કરવા જયદીપસિંહ તથા તેમના ભત્રીજા હરદીપસિંહ બારૈયાનગર રોડ પર પહોંચ્યા હતા. દરમિયાન પ્રદીપ દોરાળા, ગણેશ ઉર્ફે ગણો દોરાળા, કુશ દોરાળા તથા અન્ય બે શખ્સોએ ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન પ્રદીપે છરી વડે જયદીપસિંહના ડાબા હાથની કોણી પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જ્યારે ગણેશે પાવડા વડે હરદીપસિંહના બાવડા પર પ્રહાર કર્યો હતો. લોકો ભેગા થતાં હુમલાખોરો નાસી છૂટ્યા હતા. બંને ઈજાગ્રસ્તોને તળાજા સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. પોલીસે BNSની વિવિધ કલમો તથા હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ પાંચ શખ્સો સામે કાર્યવાહી હાથ ધરી છે.


